Accredited Grade "A" by NAAC (3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મેઈન બિલ્ડીંગ, રાજકોટ(ગુજરાત)

ટેલ.(૦૨૮૧)૨૫૭૮૫૦૧

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ

**E-mail : nss.saurashtrauniversity@rediffmail.com**

નં એન.એસ.એસ./૧૪૮૮/૨૦૨૧ તા: ૧૩/૫/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી/પ્રોગ્રામ ઓફિસર

વિષય : તા. ૧૪/૫/૨૦૨૧ ની એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો તથા કેમ્પસ એમ્બેસેડર ની મીટીંગમાં ઉપસ્થિત રહેવા અંગે.

શ્રીમાન,

સવિનય સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપણે સૌ જાણીએ છીએ તેમ આજકાલ સારાય ભારતને કોરોના એ ભરડો લીધો છે. આખો દેશ આ સમસ્યા સામે ઝઝૂમી રહ્યો છે. ત્યારે આ સમયમાં એન.એસ.એસ. ની ભૂમિકા ખુબ મહત્વની બની જાય છે. જયારે જયારે માનવ જાત સામે કોઈ આપાતકાલીન સમય આવે ત્યારે ભારતની અનેક વિધ સામાજીક, ધાર્મિક સંસ્થાઓ સેવાની સરવાણીઓ વહાવે છે. આ સમયમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો સામે વિશ્વાસ અને શ્રધા રખાય છે. અને એમાં દરવખતે આપણે ખરા ઉતરીએ છીએ. ફરી એક વાર આપણી સામે ચેલેન્જ આવી છે. આ સંદર્ભે આપ સૌને ગૌરવ અને અભિનંદન સાથે કહેતા છાતી ગજ ગજ ફૂલે છે.સૌરાષ્ટ્ર યુનિ. અંતર્ગત જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી જિલ્લાના એન.એસ.એસ.ના ડિસ્ટ્રીકટ કો-ઓર્ડિનેટરના માર્ગદર્શન નીચે સેવાકીય પ્રવૃતિઓ ચાલુ થઇ ગય છે. આ પ્રવૃત્તિની સમીક્ષા તથા વિશેષ માર્ગદર્શન હેતુસર આપણી સૌરાષ્ટ્ર યુનિ.ના માં. કુલપતિ ડૉ. નીતિન પેથાણી સાહેબના અધ્યક્ષ પદ નીચે તા. ૧૪/૫/૨૦૨૧ના રોજ સવારના ૯:૦૦ કલાકે ઓનલાઈન મીટીંગ નું આયોજન કરવામાં આવેલ છે. આ મીટીંગમાં દરેક યુનિટના પ્રોગ્રામ ઓફિસર તથા દરેક યુનિટના કેમ્પસ એમ્બેસેડર ખાસ ઉપસ્થિત રહેવાનું છે. મીટીંગ દરમિયાન આપે આ દિવસોમાં કરેલી કામગીરી તથા આગામી દિવસોમાં કરવાની કામગીરીનું પ્લાનિંગ તથા જરૂરી સૂચનો સાથે રાખવાના રહેશે. આ કપરા સમયમાં સમાજને જયારે આપણા પર પૂર્ણ શ્રધા છે કે એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરો અને સ્વયંસેવકો સમાજ માટે નિસ્વાર્થ ભાવે સેવા કરે છે. અને આગામી દિવસોમાં પૂર્ણ જોશ જુસ્સા સાથે સેવા કરશે. તો ચાલો મિત્રો આપણે એ શ્રધાને પૂર્ણ કરવા કમર કસીએ મને આપ સૌ પર પૂર્ણ શ્રધા અને વિશ્વાસ છે કે આ સમય માં પણ આપણે સૌ ખરા ઉતરશું. આપણે એન.એસ.એસ. માં જોડાયા તેને પૂર્ણ રીતે સાર્થક કરીશું એ આશા સાથે, જય એન.એસ.એસ.

| | | |
|---|---|---|
| Accredited Grade "A" by NAAC (3rd Cycle) | **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મેઈન બિલ્ડીંગ, રાજકોટ(ગુજરાત)<br>ટેલ.(૦૨૮૧)૨૫૭૮૫૦૧<br>રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ<br>**E-mail : nss.saurashtrauniversity@rediffmail.com** | |

મીટીંગ એજન્ડા – સમય સવારે ૯ થી ૧૦

- મીટીંગની પૂર્ણ ભૂમિકા :- ડૉ. એન.કે. ડોબરિયા (પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર)
- વિશેષ માર્ગદર્શન :- માં. કુલપતિશ્રી ડૉ. નીતિન પેથાણી સાહેબ
- કામગીરીનો અહેવાલ :- વિશેષ કામગીરી કરેલ તે (પ્રોગ્રામ ઓફિસરો દ્વારા)
- કેમ્પસ એમ્બેસેડરની ભૂમિકા :- કેમ્પસ એમ્બેસેડરો દ્વારા

નોંધ :- મીટીંગ ZOOM APPLICATION માં છે જેની LINK આ પત્ર સાથે સામેલ છે

આપનો વિશ્વાસુ

પ્રોગ્રામ કો-ઓડીનેટર
એન.એસ.એસ.
રાજકોટ